કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૪૯,૨૩૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૯,૫૮,૪૦૧ કરોડનું ટર્નઓવર

કપાસિયા તેલમાં વાયદાના કામકાજનો મંગળવારથી પ્રારંભ

સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૯૪૭ અને ચાંદીના વાયદામાં રૂ.૨,૬૭૪નો કડાકો : ક્રૂડતેલમાં રૂ.૨૩૩નો ઉછાળો

મુંબઈ, તા.૧૩

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૪થી ૧૦ ઓક્ટોબર સુધીના સપ્તાહ દરમિયાન ૧,૨૨,૧૫,૭૨૮ સોદાઓમાં કુલ રૂ.૧૧,૦૭,૬૬૨.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૪૯,૨૩૪.૮૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૯,૫૮,૪૦૧.૮૫ કરોડ (નોશનલ)નો હતો.

એમસીએક્સે એક પરિપત્ર મારફત જણાવ્યું છે કે એમસીએક્સ મંગળવાર, ૧૫ ઓક્ટોબરથી કપાસિયા તેલ (કોટન સીડ વોશ ઓઈલ)માં વાયદાનાં કામકાજનો પ્રારંભ કરવા જઈ રહ્યું છે. એક્સચેન્જ પ્રારંભમાં ત્રણ નવા કોન્ટ્રેક્ટ લોન્ચ કરશે, જેમાં ૨૯ નવેમ્બર-૨૦૨૪, ૩૧ ડિસેમ્બર-૨૦૨૪ અને ૩૧ જાન્યુઆરી-૨૦૨૫ની પાકતી તારીખના કોન્ટ્રેક્ટનો સમાવેશ થાય છે. કોટન ઓઈલનું સિમ્બોલ ધરાવતા આ કોન્ટ્રેક્ટ માટે ટ્રેડિંગનો સમયગાળો સવારે ૯ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધીનો રહેશે, જ્યારે ટ્રેડિંગ યુનિટ ૫ મે.ટનનું રાખવામાં આવ્યું છે. ક્વોટેશન/બેસ વેલ્યૂ ૧૦ કિલોદીઠ રૂપિયામાં છે, જ્યારે પ્રાઈસ ક્વોટ એક્સ-ટેન્ક, કડી, વેચાણવેરા/જીએસટી વગર રાખવામાં આવ્યું છે. મહત્તમ ઓર્ડરનો જથ્થો ૪૦૦ મે.ટનનો રખાયો છે. આ કોન્ટ્રેક્ટમાં ટિક સાઈઝ (લઘુત્તમ ભાવ વધઘટ) ૧૦ પૈસાની રાખવામાં આવી છે. કોટન ઓઈલના આ કોન્ટ્રેક્ટમાં પ્રારંભિક માર્જિન લઘુત્તમ ૧૨ ટકા અથવા સ્પૈન આધારિત એ બંનેમાંથી જે વધુ હોય તે રખાયું છે, જ્યારે એક્સ્ટ્રિમ લોસ માર્જિન લઘુત્તમ ૧ ટકાનું છે.

આ કોન્ટ્રેક્ટમાં ડિલિવરીનું લોજિક રોકડમાં પતાવટનું રાખવામાં આવ્યું છે. કોટન ઓઈલના આ કોન્ટ્રેક્ટના મુખ્ય હિસ્સાધારકોમાં જિનર્સ, કપાસિયા કશર/ઓઈલ ફેક્ટરીઓ, ખાદ્ય તેલ રિફાઈનરીઓ, જથ્થાબંધ વેપારીઓ, નિકાસકારો, આયાતકારો, છૂટક વેપારીઓ વગેરેનો સમાવેશ થાય છે. આ કોન્ટ્રેક્ટ શરૂ થવાથી એક્સચેન્જ પર એક વધુ હેજિંગની પ્રોડક્ટ ઉપલબ્ધ બનશે, જેનાથી ટ્રેડરો પોતાના ભાવમાં વધઘટના જોખમનું વધુ સારી રીતે હેજ કરી શકશે.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૧,૪૧,૬૧૭ સોદાઓમાં રૂ.૯૩,૧૪૪.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬,૩૦૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૬,૬૩૦ અને નીચામાં રૂ.૭૪,૭૫૭ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૯૪૭ના ભાવઘટાડા સાથે રૂ.૭૫,૨૯૭ના ભાવે પહોંચ્યો હતો.

આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮૦૦ ઘટી રૂ.૬૦,૬૦૬ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯૯ ઘટી રૂ.૭,૩૯૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૦૪૮ના ભાવઘટાડા સાથે રૂ.૭૪,૮૩૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૯૩,૧૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૫,૩૮૮ અને નીચામાં રૂ.૮૮,૨૨૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૬૭૪ના ભાવઘટાડા સાથે રૂ.૯૦,૩૦૪ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨,૬૧૪ ઘટી રૂ.૯૦,૨૧૧ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨,૬૧૧ ઘટી રૂ.૯૦,૨૧૪ બંધ થયો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૪૩,૪૯૭ સોદાઓમાં રૂ.૨૧,૪૬૫.૮૨ કરોડના વેપાર થયા હતા.

એમસીએક્સ તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૮૫૩.૯૫ના ભાવે ખૂલી, રૂ.૨૦.૨૫ ઘટી રૂ.૮૩૨.૩૫ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૩.૧૫ ઘટી રૂ.૨૩૭.૫૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૩.૬૫ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ ઘટી રૂ.૨૮૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૦૫ ઘટી રૂ.૨૩૭.૭૫ સીસુ-મિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૩.૩૦ ઘટી રૂ.૧૮૨.૮૦ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧.૪૫ ઘટી રૂ.૨૮૨.૨૦ બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૮,૩૦,૮૮૪ સોદાઓમાં રૂ.૩૪,૫૯૪. કરોડનો ધંધો થયો હતો.

એમસીએક્સ ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૨૦૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૪૯૫ અને નીચામાં રૂ.૬,૦૧૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૩૩ના ઉછાળા સાથે રૂ.૬,૩૯૪ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨૩૦ વધી રૂ.૬,૩૯૪ બંધ થયો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૪૯ના ભાવે ખૂલી, રૂ.૨૫.૧૦ ઘટી રૂ.૨૨૪.૧૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૨૪.૯ ઘટી ૨૨૪.૨ બંધ થયો હતો.

જુલાઈ-સપ્ટે. ક્વાર્ટરમાં DMartનો નફો 5.77% વધ્યો : આવક 4,444 કરોડ

નવી દિલ્હી, તા.૧૩

રિટેલ ચેઈન ડીમાર્ટનું સંચાલન કરતી કંપની એવન્યુ સુપરમાર્ટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા ક્વાર્ટરમાં તેનો એકીકૃત ચોખ્ખો નફો વધારીને રૂા. ૬૫૯.૫૮ કરોડ કર્યો છે. વાર્ષિક ધોરણે 5.77% નો વધારો થયો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ રૂા. ૬૨૩.૫૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂા.૧૪,૪૪૪.૫૦ કરોડ એકીકૃત આવક નોંધાવી છે. વાર્ષિક ધોરણે 14.4%નો વધારો થયો છે. એક વર્ષ પહેલા એટલે કે જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૩માં કંપનીએ ૧૨,૬૨૪.૩૭ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. કંપનીએ શનિવારે (૧૨ ઓક્ટોબર) ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૫ ના બીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ એપ્રિલ-જૂન ક્વાર્ટર (Q1FY25)માં રૂા.૭૭૩ કરોડનો નફો નોંધાવ્યો હતો..જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં એપ્રિલ-જૂનની સરખામણીમાં કંપનીનો ચોખ્ખો નફો ૧૪.૭૪% ઘટ્યો છે. આ સમયગાળા દરમિયાન કંપનીની આવકમાં 2.66%નો વધારો થયો છે. FY25 ના Q1 માં તે ૧૪,૦૬૯ કરોડ હતો.એવન્યુ સુપરમાર્ટ્સનો સ્ટોક છેલ્લા ૬ મહિનામાં ૪.૦૯% ઘટ્યો છે અને તેના શેરે એક વર્ષમાં ૧૮.૩૧% વળતર આપ્યું છે. જો આ વર્ષની જ વાત કરીએ તો ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કંપનીએ ૧૨.૪૩% રિટર્ન આપ્યું છે. કંપનીનું માર્કેટ કેપ 2.97 લાખ કરોડ રૂપિયા છે. રાધાકિશન દામાણી સુપરમાર્કેટ ચેઈન ડીમાર્ટના સ્થાપક છે. તેણે ૨૦૦૨માં મુંબઈના પવઈ વિસ્તારમાંથી DMartની શરૂઆત કરી હતી. અહીં તેણે DMartનો પહેલો સ્ટોર ખોલ્યો. ૧૯૯૯માં, દામાણીએ નવી મુંબઈના નેરુલમાં 'અપના બજાર'ની ફ્રેન્ચાઈઝી શરૂ કરી હતી, પરંતુ તે મોડલને ઓળખતો નહોતો.

દિવાળી સુધીમાં નવા આંકડાને સ્પર્શવાની અપેક્ષા

તહેવારોની સીઝનમાં રૂા.૫૫,૦૦૦ કરોડનાં વેચાણનો રેકોર્ડ તૂટયો

નવી દિલ્હી, તા.૧૩

તહેવારોની શરૂઆતમાં ઓનલાઈન માર્કેટપ્લેસના વેચાણમાં ઉછાળો આવ્યો છે. પહેલા અઠવાડિયામાં જ ઓનલાઈન માર્કેટમાં લગભગ 55 હજાર રૂપિયાની ચાંદી વેચાઈ હતી. એક જ સપ્તાહમાં રૂ. ૫૪,૫૦૦ કરોડથી વધુનું રેકોર્ડ વેચાણ. આ આગામી મહિના દરમિયાન અપેક્ષિત કુલ વેચાણના આશરે 55 ટકા છે. વેપારીઓનું માનવું છે કે વેચાણની બીજી લહેર આવશે. આ દશેરા અને દિવાળી વચ્ચે થશે. ડેટમ ઈન્ટેલિજન્સનાં ડેટા અનુસાર, ઈ-કોમર્સ પ્લેટફોર્મે ૨૦૨૩માં સમાન સમયગાળાની સરખામણીમાં પ્રથમ સપ્તાહમાં 26% વૃદ્ધિ જોવા મળી છે. આ વેચાણમાં મોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હોમ અને સામાન્ય મર્ચેન્ડાઈઝનો હિસ્સો 75% હતો, જ્યારે ટાયર 2 અને 3 શહેરોમાં સ્માર્ટફોન અને ટીવીનો હિસ્સો 70%થી વધુ હતો. ઉત્સવના વેચાણનું પ્રથમ સપ્તાહ તેનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. ગ્રાહકો છેલ્લા કેટલાક મહિનાઓની તેમની ખરીદીને શરૂઆતના અઠવાડિયા સુધી મુલતવી રાખે છે જેથી તેઓ તહેવારોના વેચાણમાં ડિસ્કાઉન્ટ અને ઑફર્સનો લાભ લઈ શકે. વેપારીઓનું માનવું છે કે વેચાણની બીજી લહેર આવશે. આ દશેરા અને દિવાળી વચ્ચે થશે. એમેઝોન ઈન્ડિયાનું કહેવું છે કે ૩૦,૦૦૦ રૂપિયાથી વધુની કિંમતના ઈલેક્ટ્રોનિક્સ સામાનના વેચાણમાં 30%નો વધારો થયો છે. મૂળભૂત રીતે, વધુ મોંઘા સ્માર્ટફોન વેચવામાં આવે છે. ખાસ કરીને iPhone 13, OnePlus અને Samsung S23 Ultra. કુલ ઓર્ડરના ૭૫ ટકા અન્ય શહેરો અને તે પછીના શહેરોમાંથી આવી રહ્યા છે. નવરાત્રિની શરૂઆત સાથે, હોમ ડેકોર, ઈલેક્ટ્રોનિક્સ અને ગેમિંગ એસેસરીઝ જેવી અન્ય શ્રેણીઓએ વોલ્યુમમાં ૧૦૦%થી વધુ વૃદ્ધિ નોંધાવી છે. ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવ, ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ એમેઝોન પર લાઈવ થયું અને બિગ બિલિયન ડે સેલ ફ્લિપકાર્ટ પર લાઈવ થયું. તહેવારોનો મહિનો ૩ નવેમ્બર સુધી ચાલશે અને વેચાણ રૂ. ૧ લાખ કરોડ થવાની ધારણા છે. ફેશન, ગ્રોસરી, બ્યુટી અને પર્સનલ કેર આઈટમ્સના વેચાણમાં ૨-૪ ગણો વધારો જોવા મળ્યો છે.

ખાદ્યતેલમાં મોંઘવારીનો માર : પામ ઑઈલની આયાત ૩૩% ઘટી

નવી દિલ્હી, તા.૧૩

સામાન્ય લોકોને મોંઘવારીથી રાહત મળી રહી નથી. તહેવારોની સિઝનમાં ફરી એકવાર મોંઘવારીનો માર સામાન્ય જનતા પર પડ્યો છે. ખાસ કરીને ખાદ્યતેલોની વધતી કિંમતોને કારણે. ખાદ્યતેલના ભાવમાં વધારો થવાને કારણે સપ્ટેમ્બરમાં ભારતની પામ ઓઈલની આયાત એક મહિના અગાઉની સરખામણીએ લગભગ ત્રીજા ભાગની થઈ હતી. આ આયાત છ મહિનાની નીચી સપાટીએ પહોંચી છે, જ્યારે સૂર્યમુખી તેલની આયાત દસ મહિનામાં સૌથી ઓછી છે. ભારત મુખ્યત્વે ઈન્ડોનેશિયા અને મલેશિયામાંથી પામ ઓઈલની આયાત કરે છે પરંતુ ઊંચા ભાવને કારણે ખરીદી ઓછી થઈ છે. પરિણામે આ દેશોમાં ખાદ્યતેલનો સ્ટોક વધવાની શક્યતા છે. સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (SEA)ના જણાવ્યા અનુસાર સપ્ટેમ્બરમાં પામ ઓઈલની આયાત ૩૩% થી વધુ ઘટીને ૫૨૭,૩૧૪ મેટ્રિક ટન થઈ છે.

ફ્યુઅલ સરચાર્જ અને કરિયાણાની ખરીદી પરના લાભો ઘટાડ્યા નથી

ICICI બેંકના ગ્રાહકોને આંચકો ક્રેડિટ કાર્ડ સંબંધિત નિયમો બદલાયા

એમરાલ્ડ માસ્ટરકાર્ડ મેટલ ક્રેડિટ કાર્ડ પર ડિસ્કાઉન્ટ મર્યાદા માત્ર રૂા.૧ લાખ નક્કી કરાઈ

નવી દિલ્હી, તા.૧૩

તાજેતરના સમયમાં ક્રેડિટ કાર્ડ પ્રત્યે લોકોનો અભિગમ જ બદલાયો છે એટલું જ નહીં, બેંકો પણ તેના દ્વારા મળતા લાભો છીનવી રહી છે. ICICI બેંકે પણ આવો જ નિર્ણય લીધો છે. બેંકે માત્ર વીમા, વીજળી અને પાણીના બિલો, ફ્યુઅલ સરચાર્જ અને કરિયાણાની ખરીદી પરના લાભો ઘટાડ્યા નથી પરંતુ એરપોર્ટ લોન્જનો ઉપયોગ કરવા માટે ખર્ચ મર્યાદા પણ બમણી કરી છે. આ વર્ષે બેંક દ્વારા ક્રેડિટ કાર્ડના નિયમોમાં બીજી વખત ફેરફાર કરવામાં આવ્યા છે. નવા નિયમો 15 નવેમ્બરથી લાગુ થવાના છે. ICICI બેંક પહેલા પણ ક્રેડિટ કાર્ડ સંબંધિત નિયમોમાં ફેરફાર કરી ચૂકી છે. અત્યાર સુધી, એરપોર્ટ લાઉન્જનો ઉપયોગ કરવા માટે, તમારે પ્રતિ ક્વાર્ટર ૩૫,૦૦૦ રૂપિયા ખર્ચવા પડતા હતા. હવે આ મર્યાદા વધારીને ૭૫,૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. આ એક ક્વાર્ટરમાં મોટી રકમ છે.

આ નિયમ ICICI બેંક સાથે જોડાયેલા લગભગ તમામ ક્રેડિટ કાર્ડ પર લાગુ થશે. આમાં ઘણા કો-બ્રાન્ડેડ કાર્ડનો પણ સમાવેશ થાય છે. Cred, Paytm, Check અને MobiKwik જેવી થર્ડ પાર્ટી પેમેન્ટ એપ્સ દ્વારા સ્કૂલ-કોલેજની ફી ભરવા માટે એક ટકા ટ્રાન્ઝેક્શન ફી વસૂલવામાં આવશે. જો કે, જો તમે શાળા-કોલેજની વેબસાઈટ અથવા POS મશીન દ્વારા ચુકવણી કરશો, તો ફી લેવામાં આવશે નહીં. આ સિવાય યુટિલિટી અને ઈન્સ્યોરન્સ પેમેન્ટ કરવા પર તમને ઓછા રિવોર્ડ પણ મળશે. પ્રીમિયમ કાર્ડધારકો ઉપયોગિતા અને વીમા ચુકવણીઓ પર દર મહિને રૂ. ૮૦,૦૦૦ સુધીનો ખર્ચ કરીને પુરસ્કારો મેળવવા માટે સક્ષમ હશે. પરંતુ, અન્ય કાર્ડધારકો માટે આ મર્યાદા માત્ર ૪૦,૦૦૦ રૂપિયા હશે. જો યુટિલિટી પેમેન્ટ મહિનામાં રૂ. ૫૦,૦૦૦થી વધુ હોય તો પણ એક ટકા ટ્રાન્ઝેક્શન ફી ચૂકવવી પડશે. આ ઉપરાંત, કરિયાણા અને ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ દ્વારા ઉપલબ્ધ રિવોર્ડ પોઈન્ટ્સ પર પણ કેપિંગ લાદવામાં આવી છે. અહીં, પ્રીમિયમ કાર્ડધારકો દર મહિને રૂ. ૪૦,૦૦૦ સુધીનો ખર્ચ કરવા પર જ પુરસ્કારો મેળવી શકશે અને અન્ય તમામ કાર્ડધારકો રૂ. ૨૦,૦૦૦ સુધીનો ખર્ચ કરવા પર જ પુરસ્કારો મેળવી શકશે.

મુશળધાર વરસાદના પગલે વાહન ચાલકોને વાહન ચલાવવામાં ભારે તકલીફ

ભરૂચમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ ઉભા પાકને નુકશાનથી ધરતીપુત્રોમાં ચિંતા

ભરૂચ,તા.૧૩

હિંદુઓના પવિત્ર તહેવાર નવરાત્રીના નવ દિવસમાં મેઘરાજા પણ જાણે ગેલમાં આવ્યા હોય તેમ રાત્રીના સમયે જ છેલ્લા ત્રણ દિવસથી ગરબાના સમયે વરસી રહ્યા હતા. ખેલૈયાઓએ પણ મેઘરાજાની ધમાકેદાર બેટિંગ વચ્ચે વરસતા વરસાદમાં ભીંજાઈને મનમૂકી ગરબાના તાલે હર્ષોલ્લાસ સાથે રમઝટ બોલાવી હતી. આ વર્ષે ભરૂચ જિલ્લામાં ૧૨૫% કરતા વધારે વરસાદ વરસ્યો છે સાથે જ ભરૂચ સહિત રાજ્યના કેટલાક વિસ્તારોને સરકાર દ્વારા અતિવૃષ્ટિ ક્ષેત્ર જાહેર કર્યા છે ત્યારે મેઘરાજાને હજુપણ ઓછું પડતું હોય તેમ ગતરોજ આસો સુદ દશેરાના દિને સાંજના સમયે મુશળધાર વરસાદ સાથે રમઝટ બોલાવી હતી. આકાશમાં કાળા દિમમર વાદળો ઘેરાયેલા જોઈ લોકોને એહસાસ થયો હતો કે આશો માસમાં પણ ચોમાસાની સિઝન હજુ પુરી થઈ નથી. ભારે પવનના સુસવાટાઓ સાથે આકાશમાંથી અચાનક ધોધમાર વરસાદ વરસવાનું શરૂ થયું હતું જેના કારણે વાહન ચાલકોને વાહન ચલાવવામાં ભારે તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. શેરી, ગલીઓમાં પાણીનો ઘેરાવો થતા લોકોની દિનચર્યામાં ખલેલ ઉભી થઈ હતી. ત્યારે બીજી તરફ ખેતરોમાં ઉભા પાકને લઈ ધરતીપુત્રોના માથે ચિંતાના વાદળો છવાયા હતા. અતિવૃષ્ટિના કારણે ખેતી બરબાદ થયા બાદ નવા બિયારણના રોપણ બાદ પણ વરસાદના આગમનના પગલે ખેતરોમાં પાણીનો ઘેરાવો થતા ખેડૂતોના માથે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. મેઘરાજા હવે તો ખમ્મા કરો તેવી લોકોએ પ્રાર્થનાઓ પણ શરૂ કરી છે.

સારોદથી કેમિકલ ભરીને અંકલેશ્વર જતું ટેન્કર તણછા નજીક ખાડીમાં ખાબક્યું

ભરૂચ,તા.૧૩

આમોદ તાલુકાના તણછા ગામ નજીક ગતરોજ સવારે એક કેમિકલ ભરેલું ટેકર પેરફીટ તોડીને પાણી ભરેલી ખાડીમાં ખાબક્યું હતું. જે અકસ્માતમાં ડ્રાઈવરને ગંભીર ઈજા થતાં તેને આમોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ભરૂચ રિફર કરવામાં આવ્યો હતો.પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. જંબુસર તાલુકાના સારોદ ગામે આવેલી પી.આઈ.કંપનીમાંથી કેમિકલ ભરીને અંકલેશ્વર ખાતે જતું ટેકર તણછા ગામ નજીક પેરાફીટ તોડી પાણી ભરેલી ખાડીમાં ખાબક્યું હતું. જે અકસ્માતમાં ડ્રાઈવર ઓમ પ્રકાશ જાદવને ગંભીર ઈજાઓ થઈ હતી.તેમજ ટેકરને પણ નુકશાન થયું હતું.

અકસ્માતમાં ટેકરની ડીઝલ ટાંકી સહિત સ્પેરપાર્ટ વેરવિખેર થઈ ગયો હતો. ટેકર ડ્રાઈવર ઓમ પ્રકાશ જાદવને ૧૦૮ મારફતે આમોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ભરૂચ રીફર કરવામાં આવ્યો હતો.

નામ બદલેલ છે

મારું જૂનું નામ હીતેશકુમાર રાજનીકાન્તાભાઈ દેસાઈ હતું અને નવું નામ હીતેશ દેસાઈ કર્યું છે.

સરનામું: બી-૪૦૩, સેલીબ્રીટી લકસરીયા નારાયણ સંસ્કૃતિ, અટલાદરા, વડોદરા - ૩૯૦૦૧૨

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

સહાયક ટ્રાન્સફોર્મર અને કેબલિંગ પ્રવૃત્તિની

ટેન્ડર નોટિસ નં : EL/TRD/Tender/24-25/09R

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડિવિઝનલ રેલ્વે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન), વડોદરા, નીચેના કામ માટે બંધ ટેન્ડરો આમંત્રિત કરે છે. ટેન્ડર નં : EL/TRD/Tender/24-25/09R કામનું નામ : વડોદરા વિભાગના વડોદરા વર્તુળમાં 25 KVA સહાયક ટ્રાન્સફોર્મર અને કેબલિંગ પ્રવૃત્તિની જોગવાઈ. કાર્ય ની અંદાજિત અવકાશ (રૂ.) : ₹27,71,380/ બિડ સિક્યોરિટી (રૂ.) : ₹55,400/- ટેન્ડરની રકમ અને કામ પૂર્ણ થવાનો સમયગાળો : કામ પૂર્ણ કરવાનો સમયગાળો 09 મહિના ટેન્ડરનો સમય સીડીયુલ : ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય 11/11/2024 ના 15-00 કલાકે. વેબસાઈટ વિગતો અને સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસ સરનામું સ્પસ્ટી કારણ માટે : ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 વેબસાઈટ વિગતો : www.ireps.gov.in 201

અમને લાઇક કરો: facebook.com/WesternRly

IN THE PUBLIC TRUSTS REGISTRATION OFFICE
GREATER MUMBAI REGION, MUMBAI
Charity Commissioner Office (Dharmaday Ayukta Bhavan)
Sasmira Building, 1st floor, Sasmira Road, Worli, Mumbai - 400 030.

PUBLIC NOTICE OF INQUIRY

Change Report No. ACC-I / 4904 / 2024
Under Section 22 of the Maharashtra Public Trusts Act 1950
Filed by: Sushree Kamala Kantharaj
In the matter of: BSE INVESTORS PROTECTION FUND P.T.R. No. E-10908 (Mumbai)

To,
All Concerned having interest: -

WHEREAS the Reporting Trustee of the above Trust has filed a Change Report under Section 22 of the Maharashtra Public Trusts Act 1950 for bringing the below described property on record of the abovenamed Trust and an inquiry is to be made by the Ld. Assistant Charity Commissioner I, Greater Mumbai Region, Mumbai viz.:

Whether the property is the property of the Trust and could be registered in the Trust name?

-: Description of the Immovable Property : -
"Schedule 'A'

Premises No. 203, on the Second-Floor admeasuring about 291.99 sq. mts. (super built-up area) of the Complex known as "Abhishree Avenue" constructed on final plot bearing No. 555 admeasuring about 3373 sq. mts. (Old Revenue Survey No. 183/Part) of Town Planning Scheme No. 21, situated at Paldi (Sim), Taluka city in the Registration District Ahmedabad and Sub-District Ahmedabad -4 (Paldi) more particularly described in the First Schedule here inabove written.

Purchase Value of the property Rs. 1,80,72,250/- (Rupees One Crore Eighty Lacs Seventy-Two Thousand Two Hundred and Fifty only)."

This is to call upon you to submit your objections, if any, in the matter before the Ld. Assistant Charity Commissioner I, Greater Mumbai Region, Mumbai at the above address in person or by a pleader on or before 30 days from the date of publication of this notice failing which the Change Report will be decided and/or disposed off on its own merits.

GIVEN UNDER MY HAND AND SEAL OF THE HON'BLE JOINT CHARITY COMMISSIONER, GREATER MUMBAI REGION, M U M BAL

Mumbai dated this 25 - day of September, 2024.

Sign
Superintendent (J),
Public Trusts Registration Office, Greater Mumbai Region, Mumbai Sasmira Building, 1st floor, Sasmira Road, Worli, Mumbai - 400 030.

IN THE PUBLIC TRUSTS REGISTRATION OFFICE
GREATER MUMBAI REGION, MUMBAI
Charity Commissioner Office (Dharmaday Ayukta Bhavan)
Sasmira Building, 1st floor, Sasmira Road, Worli, Mumbai - 400 030.

PUBLIC NOTICE OF INQUIRY

Change Report No. ACC-I / 4903 / 2024
Under Section 22 of the Maharashtra Public Trusts Act 1950
Filed by: Sushree Kamala Kantharaj
In the matter of: BSE INVESTORS PROTECTION FUND
P.T.R. No. E-10908 (Mumbai)

To,
All Concerned having interest: -

WHEREAS the Reporting Trustee of the above Trust has filed a Change Report under Section 22 of the Maharashtra Public Trusts Act 1950 for bringing the below described property on record of the abovenamed Trust and an inquiry is to be made by the Ld. Assistant Charity Commissioner I, Greater Mumbai Region, Mumbai viz.:

Whether the property is the property of the Trust and could be registered in the Trust name?

-: Description of the Immovable Property : -
"Schedule 'A'

Premises No. 204, on the Second-Floor admeasuring about 342.71 sq. mts. (super built-up area) in the Complex known as "Abhishree Avenue" constructed on final plot bearing No. 555 admeasuring about 3373 sq. mts. (Old Revenue Survey No. 183/Part) of Town Planning Scheme No. 21, situated at Paldi (Sim), Taluka city in the Registration District Ahmedabad and Sub-District Ahmedabad -4 (Paldi).

Purchase Value of the property Rs. 2,12,11,750/- (Rupees Two Crore Twelve Lacs Eleven Thousand Seven Fifty only)."

This is to call upon you to submit your objections, if any, in the matter before the Ld. Assistant Charity Commissioner I, Greater Mumbai Region, Mumbai at the above address in person or by a pleader on or before 30 days from the date of publication of this notice failing which the Change Report will be decided and/or disposed off on its own merits.

GIVEN UNDER MY HAND AND SEAL OF THE HON'BLE JOINT CHARITY COMMISSIONER, GREATER MUMBAI REGION, M U M BAL

Mumbai dated this 25 - day of September, 2024.

Sign
Superintendent (J),
Public Trusts Registration Office, Greater Mumbai Region, Mumbai Sasmira Building, 1st floor, Sasmira Road, Worli, Mumbai - 400 030.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

"પે એન્ડ યુઝ" કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને "પે એન્ડ યુઝ" કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન 21.10.2024 ના રોજ યોજાશે. ઈ-ઓક્શન 21.10.2024ના રોજ સવારે 11:00 વાગ્યે શરૂ થશે. આ યાદી www.ireps.gov.in વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

કેટલોગ સંખ્યા	કરારના પ્રકારો	લોટ સંખ્યા	કરારનો સમયગાળો
C331-PnU-211024	પે એન્ડ યુઝ	Pnu-Bars-CYI-Toi-8-24-1 (પે એન્ડ યુઝ - ટોયલેટ) છાયાપુરી રેલ્વે સ્ટેશન	03 વર્ષ

200

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

ઇન્ડિયન બેંક Indian Bank ALLAHABAD
ઈન્ડિયન બેંક - સયાજીગંજ શાખા
પેકહિલ બિઝનેસ હબ, ડેરી ડેન સર્કલ પાસે, વડોદરા-૩૯૦૦૦૫.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના હેઠળ નોટીસ

તા. ૦૧.૧૦.૨૦૨૪ ના રોજ રજી. પોસ્ટ દ્વારા રવાના
શ્રી આહિષેક ચતુર્વેદી,
એ-૩૦૮, બાલાજી દર્શન, રિલાયન્સ ફ્રેશ પાછળ, વાઘોડિયા રોડ, વડોદરા.
૩.૧ વિષયઃ લોન એકાઉન્ટ ૫૦૩૪૧૧૫૮૯૬૬ રજી. - ઈન્ડિયન બેંક, સયાજીગંજ શાખા

તમે ૨૯.૦૯.૨૦૨૪ થી ચુકવણીની તારીખ સુધી સંમત દરે વધુ વ્યાજ સાથે રૂા. ૧૨,૫૯,૦૩૩/- ની લોનની ચુકવણીમાં ડિફોલ્ટ કર્યું છે.

બેંકે તમને ૨૯.૦૯.૨૦૨૪ ના રોજની બાકી રકમની ચુકવણી કરવા માટે આહ્વાન કરવા પર કાયદા હેઠળ નોટિસ જારી કરી. તમને રજી. પોસ્ટ દ્વારા મોકલવામાં આવેલી નોટિસ વણસેવી પરત કરવામાં આવી છે. તેની નકલ એ-૩૦૮, બાલાજી દર્શન, રિલાયન્સ ફ્રેશ પાછળ, વાઘોડિયા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ પર લગાવવામાં આવી છે.

તમને **રૂા.૧૨,૫૯,૦૩૩/- (રૂપિયા બાર લાખ ઓગણસાંઈઠ હજાર તેત્રીસ પુરા)** ચૂકવવા માટે કહેવામાં આવે છે કે આ નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવણીની તારીખ સુધીના વ્યાજ સાથે, જે નિષ્ફળ જશે તો બેંકને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ હેઠળ અધિકારોનો ઉપયોગ કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવશે. અહી નીચે આપેલ શેડ્યુલમાં આપેલ સુરક્ષિત અસ્કયામતો. આ સૂચના સિક્યોર્ડ કરજદારને ઉપલબ્ધ અન્ય કોઈપણ યોગ્ય ઉપાય માટે પૂર્વગ્રહ વિનાની છે.

અમે સરફેશર એક્ટની કલમ ૧૩(૮) ની જોગવાઈઓ અને ત્યાં ઘડવામાં આવેલા નિયમો તરફ ધ્યાન દોર્યું છે જે સિક્યોરિટીઝ પર તમારા રિડેમ્પશનના અધિકારો સાથે વહેવાર કરે છે.'

અનુસૂચિ

તમામ ભાગ અને હિસ્સો રહેણાંક ફ્લેટ જ્યાં આવેલ છે તે આર.એસ. નં. ૪૫૦, પૈકી ટી.પી. નં. ૪, એફ.પી. નં. ૧૪૯, એ-૩૦૮, બાલાજી દર્શન, રિલાયન્સ ફ્રેશ પાછળ, વાઘોડિયા રોડ, વડોદરા.

તા.: ૧૪.૧૦.૨૦૨૪
સ્થળ: વડોદરા
નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.
અધિકૃત અધિકારી ઈન્ડિયન બેંક

इण्डियन ओवरसीज बैंक Indian Overseas Bank Good People To Grow with
અલકાપુરી શાખા
દર્પણ એપાર્ટમેન્ટ, આર.સી. દત્ત રોડ, અલકાપુરી, વડોદરા. ગુજરાત-૩૯૦૦૦૭. ફોનઃ ૦૨૬૫-૨૩૨૫૦૫૦.
ઈમેલઃ alkapubr@barsco.iobnet.co.in

પ્રતિ, તા. ૧૧.૧૦.૨૦૨૪
શ્રી ભીખુભાઈ કિશનભાઈ કોરીયા અને શ્રીમતી શિલ્પાબેન બી કોરિયા,
સરનામુંઃ ૩૦૨-રાધે જ્ઞાન ફ્લેટ, જૂની પ્રમુખ સ્વામી હોસ્પિટલ ની સામે, અટલાદરા, વડોદરા-૩૯૦૦૧૨ અને અહિંયા પણ તે નંબરઃ ૧૧, ડી એલિગેન્ટ વિલા, ગોત્રી સેવાસી રોડની બહાર, ઈસ્કોન હાર્મની સામે, સેવાસી, ખાનપુર, વડોદરા-૩૯૧૧૦૧.

પ્રિય સર/મેડમ,
A/c: **શ્રી ભીખુભાઈ કિશનભાઈ કોરીયા અને શ્રીમતી શિલ્પાબેન બી કોરિયા,**
(એકાઉન્ટ નં.: ૦૧૯૫૦૩૪૫૨૦૦૦૧૦૭)

અમે કેપ્શન કરેલા એકાઉન્ટનો સંદર્ભ લઈએ છીએ.

તમે તા. ૧૨.૦૨.૨૦૨૧ ના રોજ રૂા. ૫૯,૬૦,૦૦૦/-વાહન લોનની સુવિધા અમારી શાખા માંથી મેળવી છે. વાહન મોડેલ બેરિંગ રજી નંબરઃ GJ 06 LK 0700 (ચેસીસ નંબરઃ SALZA2AN3LL923384 અને એન્જિન નંબરઃ 201008P0008204DTD) ના હાઈપોથેકેશન દ્વારા લોન સુરક્ષિત કરવામાં આવી હતી. તમે આ લોન ને RLLR (6.85) + 0.70 એટલે કે 7.55% વાર્ષિક વ્યાજ સાથે માસિક ૮૪ હપ્તા તે રેટ રૂા. ૯૧,૫૬૩/- તા. ૧૨.૦૩.૨૦૨૪ થી શરૂ થયેલ ને ચુકવવા સંમત થયેલા. તમે ૧૨.૦૨.૨૦૨૧ ના રોજ એક કરાર પણ અમલમાં મૂક્યો છે જેમાં ઉપરોક્ત વાહનની અનુમાન લગાવવામાં આવી છે અને બેંકને નિયમિતપણે હપ્તા ચૂકવવા માટે સંમત થયા છો અને બાંયધરી આપી છે કે કોઈપણ એક હપ્તાના ડિફોલ્ટના કિસ્સામાં બેંકને સંપૂર્ણ લોનની રકમ તરત જ વસૂલ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. આ ઉપરાંત, તમે સંમત થયા છો અને જાહેર કર્યું છે કે બાકીની ચૂકવણી કરવામાં ડિફોલ્ટના કિસ્સામાં, બેંકને બેંકને લેણાંની વસૂલાત માટે અનુમાનિત સિક્યોરિટીઝનો કબજો લેવા અને વેચવાનો અધિકાર છે.

તમે વચન મુજબ બેંકને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, તમારા કેપ્શનવાળા લોન એકાઉન્ટને ૧૦.૦૮.૨૦૨૪ ના રોજ ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશો અને માર્ગદર્શિકા અનુસાર નોન-પરફોર્મિંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. વારંવાર રીમાઈન્ડર અને લોનને નિયમિત કરવા / બંધ કરવા માટે વ્યક્તિગત સંપર્ક કરવા છતાં, તમે અમારી બેંકને બાકી ચૂકવણી કરી નથી. કુલ રૂા. ૩૯,૭૧,૧૫૮.૫૪, તા. ૧૦.૧૦.૨૦૨૪ ના રોજ તમે ઉપરોક્ત વાહનની પૂર્વધારણા દ્વારા યોગ્ય રીતે સુરક્ષિત ક્રેડિટ સુવિધાઓના સંદર્ભમાં પ્રતિબદ્ધતા પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અમે તમને ઉપરોક્ત જણાવ્યા મુજબ બેંકને સંપૂર્ણ ચૂકવણી કરવા અને તમારી જવાબદારીઓનું નિકાલ કરવા આહવાન કરીએ છીએ. આ નોટિસની તારીખથી ૧૫ દિવસની અંદર શુલ્ક અને અન્ય ખર્ચાઓ સાથે માસિક રેટ પર.

અમે તમને જાણ કરીએ છીએ કે ઉપરોક્ત રકમની વ્યાજ સાથે આ સમયગાળામાં અંતિમ ચૂકવણીની તારીખ સુધી ચૂકવણી કરવામાં નિષ્ફળ જવાથી, અમે હાઈપોથેકેશન મુજબ અમારા લેણાંની વસૂલાત માટે તે હાઈપોથેકેટેડ વાહનનો કબજો લેવા અને તેનું વેચાણ કરવાના અમારા અધિકારનો ઉપયોગ કરીશું. અમારી બેંકની તરફેણમાં તમારા દ્વારા ૧૨.૦૨.૨૦૨૧ ના રોજ કરાર કરવામાં આવ્યો. મહેરબાની કરીને નોંધ કરો કે જ્યાં સુધી બેંકના સમગ્ર લેણાંની વસૂલાત ન થાય ત્યાં સુધી અમે તમારી સામે કાયદેસર રીતે કાર્યવાહી કરવાનો અધિકાર અનામત રાખીએ છીએ.

કૃપા કરીને અપ્રિય પરિસ્થિતિઓ ટાળો.

તારીખઃ ૧૪.૧૦.૨૦૨૪
શાખા પ્રબંધક - અલકાપુરી શાખા